# Eczema (ખરજવુ) અને Homeopathy હોમીયોપેથી

હમણા મારે અહીંયા (કેનેડા) ઘણા દર્દી જોવાના થયા જેઓ જુદા જુદા પ્રકારના ચામડીના રોગથી પીડાતા હતા. દા.ત. ખસ/ખરજવું/ સોરીયાસીસ (Psoriasis), લાઈકન પ્લેનસ (Lichen Planus), કોઢ (Vilitigo), ખીલ (Acne / Pimples), મસા (Warts) વગેરે. વિચાર કરતા મને થયું ચાલો આ વખતે ચામડીની સૌથી સામાન્ય વ્યાધી ખરજવું અથવા જેને medical science Eczema કહે એના વિશે જાણીએ. Eczemaમાં ચામડીમાં સોજો આવે છે અને Irritation થાય છે. Eczema પણ વિવિધ પ્રકારના હોય છે જેમાંથી સૌથી કોમન છે એટોપીક ડર્મેટાઈટીસ (Atopic Dermatites or Atopic Eczema) નોર્થ અમેરીકામાં આશરે ૨૦% જેટલા બાળકોમાં તથા ૩% જેટલા મોટા લોકોમાં જોવા મળે છે.



**લક્ષણો :** ચામડી કશે પણ ખરાબ થઈ હોય પણ એનું મુળ ભુત લક્ષણ હોય છે 'ખંજવાળ'. ચામડીનો રંગ કાળશ પડતો અથવા લાલાશ પડતો થઈ જાય અને ખંજવાળ આવે. ઘણીવાર જ્યારે રોગની શરૂઆત હોય તો ચામડી ઉપર કોઈ ફેરફર નહીં દેખાય છતા ખંજવાળ આવે. ખરજવું સામાન્ય રીતે, મોઢા ઉપર, ઘુંટણની પાછળ, પગના હાડકાવાળા ભાગ ઉપર (નાળાવાળા), જાઘના ભાગમાં, હથેળીમાં વગેરે જગ્યાઓમાં જોવા મળે છે. ચામડી સુકી લાગે, જાડી થઈ જાય, એમાંથી ફોતરી નીકળે. બાળકોમાં ચામડી લાલાશ રંગની થાય અને એમાંથી પાણી જેવો ચીકણો પદાર્થ નીકળે તથા એના પોપડા થઈ જય અને આ બધુ ખાસ કરી મોઢાં ઉપર અને માથા ઉપર થાય છે.

**કારણો :** Eczemaનું ચોક્કસ કારણ તબીબી વિજ્ઞાન પાસે નથી પણ એવું મનાય છે કે શરીરની રોગ પ્રતિકારક શક્તિ જ્યારે જરૂર કરતા વધારે રીએક્ટ કરે ત્યારે Eczemaના લક્ષણો જોવા મળે છે. Eczema વારસાગત રીતે જોવા મળે છે જ્યાં ચામડીના રોગો હોય અથવા એલર્જી (Allergy)ની તકલીફ અથવા દમ (Asthma) નો રોગ હોય.

કોઈક લોકોને અમુક જાડા, ઉનના અથવા ખરબચડા કપડાને કારણે, સાબુને કારણે, જાનવર (કુતરા, બીલાડીના) વાળને કારણે આર્ટીફિસ્યલ જ્વેલરી વાપરવાને કારણે થોડા સમય માટે ચામડી ઉપર લક્ષણો જોવા મળે છે. શરદી, ખાંસી વગેરેની સાથે પણ Eczemaના લક્ષણો શરૂ થઈ જાય છે. માનસીક તાણ (Stress)ને પણ એક મહત્વનું કારણ ગણવામાં આવ્યું છે.

**Diagnosis :** Eczemaને પારખવા કોઈ લેબોરેટરી ટેસ્ટ નથી હોતી પણ રોગના લક્ષણો અને ચામડી ના દેખાવ પરથી નક્કી કરવામાં આવે છે. Allergy Test કરવાથી કારણોની જાણ થઈ શકે છે.

**સારવાર :** એલોપોથી (Allopathy)માં Eczema માટે કોઈ દવા નથી. તેઓ માને છે કે આને મટાડવા માટે કોઈ દવા નથી. દવા એના લક્ષણોને કાબુમાં રાખવા માટે અથવા લક્ષણોને દબાવવા માટે હોય છે અને દર્દી જ્યાં સુધી આ દવા લે ત્યાં સુધી એને આરામ મળે છે. દવા બંધ કરવાની સાથે થોડા સમય પછી પાછા આ લક્ષણો દેખાવા માંડે છે. Eczema ની દવામાં મુખ્યત્વે વપરાય છે હાઈડ્રો કોરટીઝોના (Hydrocortisone or Steroid Cream) ના મલમ જે કોઈક વાર એન્ટીબાયોટીક (Antibiotic) જોડે મીશ્રણમાં અપાય છે. આ સાથે એન્ટી હીસ્ટામીન (Antihistamine) અપાય, તથા ચામડીને ભીની રાખવા વિવિધ પ્રકારના ક્રીમ. હોમીયોપોથી (Homeopathy)માં Eczema માટે ઘણી બધી દવાઓ છે તથા આ રોગ હોમીયોપેથીક દવાથી મટી શકે છે. આપણે કારણોમાં જોયું કે શરીરની રોગ પ્રતિકારક શક્તિ આમા મહત્વનો ભાગ ભજવે છે તથા આ રોગ વારસાગત જોવા મળે છે, અને તેથી ફક્ત ચામડીની ઉપર જ મલમ લગાડીને આ રોગ નહીં મટાડી શકાય. હોમીયોપેથીક તબીબ સામાન્ય રીતે આવા દર્દીની ઘણી ઝીણવટથી તપાસ કરશે, એના શારીરિક, માનસીક, વારસાગત બીમારીઓ, ભુતકાળની બીમારીઓનું વિશ્લેશણ કરશે અને પછી દર્દીની પ્રકૃતિને અનુલક્ષીને દવા આપશે. આ પ્રકારની દવા લેવાથી સૌથી મહત્વનું એકે ચામડીનો રોગ દબાઈ નહીં જાય. આ મુદ્દો એટલે મહત્વનો છે કારણકે આમારા અનુભવમાં કેટલાય પ્રકારની બીમારીવાળા દર્દીઓ દવા કરાવવા આવ્યા હોય અને તેઓની બીમારીનું મુખ્ય કારણ હોય છે ચામડીની બીમારીને દબાવવાનું. દમ (Asthma) એલર્જી (Allergy), સંધીવા (Arthrities) વગેરે ઘણી બધી બીમારીનું મુળ કારણ ચામડીના રોગને દબાવવાથી થાય છે. આના અગણીત દાખલાઓ આપી શકાય છે. એટલે કોઈ પણ સમયે ચામડીની કોઈ પણ બીમારીને મલમ/ક્રીમ લગાવી દબાવી નહીં દેવી. નહીંતર લાંબેગાળે બીજી બધી બીમારીઓ શરૂ થાય. આ રોગને મટાડવા માટે ધીરજની ખુબ જરૂર છે અને સમય પણ ઘણો જોઈએ. પણ યાદ રહે કે આ રોગ મટી શકે છે.

**ઘરગથ્થુ ઉપાયો :** ચામડીની ઉપર કોપરેલ અથવા પેટ્રોલિયમ જેલી લગાવો, માનસીક તાણથી દુર રહો, ઉન (Wool) વગેરે ખરબચડા કપડાનો ઉપયોગ ટાળો, સાબુનો ઉપયોગ જરૂર પુરતો કરો, આપણા શરીરને ધોવા રોજ સાુબની જરૂર નથી હોતી, ખાવાપીવામાં કાળજી રાખો, ચામડી ને સુકી નહીં રાખવી, દીવસનું આશરે બેથી ત્રણ લીટર પાણી પીવાનું રાખવું, ચામડી ને ખંજવાળવાનું ટાળવું, એના બદલામાં ચામડી ઉપર હાથ ફેરવવો, ખાવાનું પૌષ્ટિક લેવું, જે ખાવા પીવાથી એલર્જી થતી હોય એવો ખોરાક લેવો નહી. ધીરજ રાખવી આ રોગ મટી શકે એમ છે.



Homoeopathic Practitioners
**Akshay Banker**
M.D.[Homeopathy]
**Faculty -** Ontario College of Homeopathic Medicine
Ex Principal, Professor [India]
**Nina Banker** MD (Homeopathy)
Ex Professor [Surat, India]
**Mobile #:** 647 868 4340
**Mobile #:** 647 773 3074
Email : homeopathakshay@gmail.com
**Mississauga Clinic:** 93, Dundas St. E. Suite # 107, Mississauga, ON. L5A 1W7.
[Hurontario + Dundas]
[Monday, Thursday, Friday - 10 to 5]
**Brampton Clinic:** 134 Queen St. E., Brampton, ON. L6V 1B2.
[Queen and Centre Street]
[Tuesday, Saturday 10 to 5]
**Scarborough Clinic:** 2761, Markham road, Aum Beauty Clinic, ON. M1X 1M4
[Markham road + Nashdene]
[Wednesday 4 pm to 7 pm]

## ક્ષિતિજની માયા જાળ

ખબર હશે આપને ક્ષિતિજ કોને કહેવાય ?
જયાં ધરતી અને આકાશ ભેગા થાય તેવા
આભાસને ક્ષિતિજ કહેવાય...
હકીકત સાચી નથી ,છતાં લાગે છે કે ,
દૂર દૂર ભેગા થાય છે ધરતી ને આકાશ.
આમ મૃગ-જળ જેવી છે ક્ષિતિજ ની કલ્પના,
ક્ષિતિજે દૂર દૂર નવરંગો જોઈ અમને દોડાવ્યા,
અમારામાં જ ઇચ્છાઓ ના હરણાં જોઇ અમને દોડાવ્યા.
અમે ક્યાં જઇ રહ્યાં છે, ક્યાં પહોંચીશું તેની ખબર ક્યાં
છે અમને...
બસ અમને ફરતાં કરી, અમારી ઇચ્છાઓએ અમને દોડાવ્યા,
હમણાં પકડાશે... હમણાં પકડાશે... એવા વિચારે,
ફરી ફરીને ખૂબ દોડાવ્યાં અમને...
મૃગ-જળ ની મોહ-માયા માં લપટાવ્યાં 'સીતા' ને વળી,
રામને દોડાવ્યાં 'મારીચે' હરણ બની, હાથમાંના આવ્યું તે કદી,
મૃગ-જળ કેરી 'ક્ષિતિજથી રામને રડાવ્યાં ફરી ફરી.
ઇચ્છાઓ છે હરણ જેવી ચંચળ, 'કસ્તૂરી મૃગ જેવું સદંતર સ્વરૂપ,
સ્થળ, કાળ અને ક્રિયાની અજાણી નિયતી છતાં,
વળગી રહે છે માયાની પ્રાપ્તિ.
ક્ષણ ભંગુર શરીર, નિષ્ફળ પરિશ્રમને નિહાળે છે,
પકડવાં દોડે છે સપનાઓને, થાકી જાય છે અંતે.
'શૈલેશ' ઝંખે છે પકડવાં ક્ષિતીજની રેખાઓને ,
પણ છટકી જાય તરંગો તેના, હાથતાળી આપીને તેને.
હતાશા અનુભવે છે ત્યારે તે, ખોટી કલ્પનાઓ થકી.

**— શૈલેશ એસ મહેતા**

કેનેડામાં ગુજરાતીઓનું ગૌરવ એટલે...
ગુજરાત ન્યૂઝલાઈન
INDO-CANADIAN GUJARATI COMMUNITY NEWSPAPER
GUJARAT NEWSLINE
અમારી સાથે જાહેરખબર કરો અને તમારા બિઝનેસનું સૌથી વધારે માઈલેજ મેળવો...
Pl. call : LALIT SONI at 647 400 6248 for more info.
Email: gujaratnewsline@gmail.com